૬૮૩૬-૪૦

ક્રમાંકઃ-બ/વમસ/૩૫/ /૧૮-૧૯

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન બી/૩,
સેકટર-૧૦એ, ગાંધીનગર.
ફેકસ નં. ૦૭૯-૨૩૨૩૦૦૩૮

તાઃ- ૬ / ૧૨ /૨૦૧૮

વિષયઃ- કં.નં.૧૪૦/૧૪૧/૧૩૭/૧૩૮/૧૩૯ માં કુદરતી વાવાઝોડાથી પડેલ ઝાડો આ.વિ.જં.કા.સ.મંડળી આહવાને કાપવા માટે ફાળવવા બાબત.

સંદર્ભઃ- ૧. શ્રી વિજયભાઈ આર.પટેલ, માજી.ધારા સભ્યશ્રી, ડાંગ, વાંસદા તેમજ ઉપપ્રમુખ આદિજાતિ મોરચો ગુજરાત પ્રદેશ ભાજપ, મુ.પો.વઘઈ, તા.વઘઈ જી.ડાંગનો તા.૨૬/૧૧/૧૮ નો પત્ર
૨. તા.૫/૧૨/૨૦૧૮ ની કચેરીનોંધ

ઉપરોક્ત વિષય બાબતની શ્રી વિજયભાઈ આર.પટેલ, માજી.ધારા સભ્યશ્રી, ડાંગ, વાંસદા તેમજ ઉપપ્રમુખ આદિજાતિ મોરચો ગુજરાત પ્રદેશ ભાજપ, મુ.પો.વઘઈ, તા.વઘઈ જી.ડાંગની તા.૨૬/૧૧/૧૮ ની અરજી વંચાણે લેતાં અરજીમાં જણાવ્યા મુજબ ડાંગ જિલ્લાના કંમ્પા નં.૧૪૦/૧૪૧/૧૩૭/૧૩૮/૧૩૯ માં ચાલુ વર્ષે વાવાઝોડાથી ઘણા વૃક્ષો પડી ગયેલ છે. જે આ મંડળીને કામગીરી માટે ફાળવવા વિનંતી કરેલ છે.

વન વિભાગના જે તે વિભાગની આવી કામગીરી જે તે વિભાગના વર્કિંગ પ્લાન મુજબ અને જે તે વિસ્તારમાં કાર્યરત જંગલ મંડળીઓને ફાળવેલ વિસ્તાર મુજબ જંગલ મંડળીઓને કામગીરી ફાળવવામાં આવતી હોય તે સિવાયના વિસ્તાર માટે ખાતારાહે કામગીરી હાથ ધરાય છે. ઉક્ત રજુઆતને ધ્યાને લઈ ચાલુ વર્ષે ખાતારાહે કામગીરી હાથ ધરવામાં આવતી હોય તેવા વાવાઝોડા ગ્રસ્ત / પવનથી ઉખડી પડેલ / તુટી પડેલ / ઉભા-સુકા વગેરે ઝાડોના નિકાલની કામગીરી જંગલ મંડળીને સુપરત કરવા માટે નીચેની વિગતો ધ્યાને લઈ જે તે મંડળીને કાર્યરત વિસ્તારને લાગુ પડતા વિસ્તારમાં આવી કામગીરી તે મંડળીને સુપરત કરવા માટે આગળની કાર્યવાહી હાથ ધરાઈ જવા વિનંતી છે.

૧. ફાળવેલ વિસ્તારના ઝાડોની માર્કિંગની કામગીરી ખાતારાહે હાથ ધરવાની રહેશે.
૨. આ કામગીરી માટે નીકળનાર તમામ માલ મંડળીએ ખાતાકીય ડેપો ઉપર જમા કરાવવાનો રહેશે.
૩. મંડળીને ફકત વેઈઝબોર્ડ મુજબ મજુરી ખર્ચ સરકારે ચુકવવાનો થશે. ભાગીદારી માટે મંડળી હકકદાર રહેશે નહિ.
૪. મંજુર થયેલ માર્કિંગ ખરડા મુજબના જ ઝાડો નિકાલ કરવાના થશે.
૫. આવી કામગીરી જે તે મંડળીને લાગુ પડતા વિસ્તારની કામગીરી જે તે મંડળીને સુપરત કરવી. જો આ મંડળી આવી કામગીરી કરવા સંમત ન હોય તો અન્ય મંડળીને ફાળવવી.

૬/૧૨

અગ્ર મુખ્ય વન સંરક્ષક,
અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
સુરત, વલસાડ અને વડોદરા

FILE:///D:\OFFICE%20WORK\T-35\16-11-18.DOCX